૬૬૬

"મીતના" જાતિને જાતિ
પ્રમાણપત્રો આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાક : સશપ / ૧૧૦૬ /૭૭૩ / અ,
સચિવાલય, ગાંધીનગર.
તા. - 6 FEB 2010

વંચાણમાં લીધા :-

(૧) સરકારશ્રીના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિભાગના ઠરાવ ક્રમાંક : બીસીઆર-૧૦૭૮-૧૩૭૩૪-હ, તા.૧/૪/૧૯૭૮ અને ત્યાર પછીના વખતોવખતના ઠરાવો.

(૨) સચિવશ્રી, અન્ય પછાતવર્ગો માટેનું પંચ, ગાંધીનગર નો તા.૧૫/૨/૨૦૦૫ નો પત્ર. ક્રમાંકઃ અપવ /પંચ/ ફા.નં.૧૮૧ /૯૧ /૨૦૦૫.

પ્રસ્તાવના:-

ગુજરાત સરકારે મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧/૪/૭૮ના ઠરાવથી બક્ષીપંચની ભલામણોનો સ્વીકાર કરીને સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોના ઉમેદવારોને સરકારી નોકરીઓમાં અને શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતના લાભો આપવાનું ઠરાવેલ છે.

વંચાણમાં લીધેલા (૧) થી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદીમાં અનુક્રમ નં.૪૩ ઉપર "માછી(હિન્દુ) ખારવા, ખલાસ,

-2 →

700

ઢીમર, ઢીવર, બિતના, ટંડેલ, માંગેલા, ખલાસી, સારંગ, કહાર" જાતિનો સમાવેશ કરવામાં આવેલ છે.

બક્ષીપંચના સામાજીક અને શૈક્ષણિક ક્ષેત્રે પછાતવર્ગોના અહેવાલમાં બિતના જાતિનું નામ દર્શાવેલ છે. વાસ્તવમાં બિતના નામની કોઇ જાતિ નથી પરંતુ દક્ષિણ ગુજરાતના વિસ્તારમાં માછી મારો પૈકીની મીતના જાતિ આવેલી છે. આ વિભાગના ઠરાવમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની યાદી ક્રમાંકઃ ૪૩ ઉપર બિતના જાતિનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. આથી મીતના જાતિ ના લોકોને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો મળી શકતા નથી અને પરિણામે તેઓ તેમના બંધારણીય હક્કોથી વંચિત રહી જાય છે.

આ અંગે સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, ગાંધીનગર ધ્વારા ક્રમાંકઃ ૪૩ ઉપર **બિતના** ને બદલે **મીતના** શબ્દનો સુધારો કરવા સરકારશ્રીને જણાવવામાં આવેલ છે.

ઉપર્યુક્ત બાબતમાં પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

**ઠરાવઃ-**

- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિઓ નક્કી કરતાં તા.૧/૪/૧૯૭૮ ના ઠરાવ ક્રમાંકઃ બીસીઆર-૧૦૭૮-૧૩૭૩૪-ઙ અને ત્યારબાદના આ અંગેના વખતોવખતના ઠરાવમાં અનુ. નં.૪૩ ઉપર દર્શાવેલ "માછી(હિન્દુ) ખારવા, ખલાસ, ઢીમર, ઢીવર, બિતના, ટંડેલ,

-3 →

માંગેલા, ખલાસી, સારંગ, કહાર" જાતિમાં "**બિતના**" જાતિને બદલે "**મીતના**" જાતિને ઉમેરવામાં આવે છે.

- આ ઠરાવનો અમલ બહાર પડયાં તારીખથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( મનોજ રાવલ )
સંયુકત સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, (સામાજિક ન્યાય અને અધિકારીતા)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન.રાજયકક્ષાના મંત્રીશ્રી, (સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વહીવટી વિભાગો.
- *રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- *સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, ગાંધીનગર
- *સચિવશ્રી, ગુજરાત રાજય જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- *સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- *સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- *સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- *સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, સચિવાલય, ગાંધીનગર.
- સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના તમામ ખાતાના વડાઓ / બોર્ડ / નિગમો.
- અગ્રસચિવશ્રીના અંગત સચિવશ્રી, (સામાજિક ન્યાય અને અધિકારીતા), સચિવાલય, ગાંધીનગર.

– 4 →

702

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ.
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે નાયબ નિયામકશ્રી(વિ.જા.) / જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (વિ.જા.).
- તમામ મામલતદારશ્રીઓ.
- તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
- સિલેકટ ફાઇલ.

* પત્ર ધ્વારા.

મીતના